
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



હુ ઓઇલ લેસ કુકીંગ શીખીને આવી છુ એટલે મારી રસોઇ જરા ટેસ્ટલેસ લાગશે..શુ સમજ્યા...!!

# આજે પ્રદોષનો સંયોગ

## સૂર્યાસ્ત પછી ખાસ શિવપૂજાનું મહત્વ : પૂજા વિધિઃ પંચામૃતથી રૂદ્રાભિષેક

ગાંધીનગર, તા.૭

ગુરુવારે પ્રદોષ વ્રત છે. શિવ અને સ્કંદ પુરાણ પ્રમાણે તેરસ તિથિએ ભગવાન શિવની ખાસ પૂજા કરવાથી દરેક પ્રકારની પરેશાનીઓ દૂર થઈ જાય છે. આ પૂજા પ્રદોષ કાળ એટલે સૂર્યાસ્તથી લગભગ ૯૦ મિનિટના સમયગાળાની અંદર કરવામાં આવે છે. ગુરુવારના દિવસે તેરસ તિથિ હોવાથી આ દિવસે ગુરુ પ્રદોષનો સંયોગ બની રહ્યો છે. આ સંયોગમાં શિવ પૂજા કરવાથી દુશ્મનો ઉપર વિજય પ્રાપ્ત થાય છે અને પિતૃઓને તૃપ્તિ મળે છે.

**સૂર્યાસ્ત પછી પ્રદોષ કાળમાં પૂજા**

પુરાણો અને જ્યોતિષ ગ્રંથ પ્રમાણે પ્રદોષ વ્રતમાં સૂર્યાસ્ત પછી લગભગ ૯૦ મિનિટના સમયને પ્રદોષ કાળ કહેવામાં આવે છે. આ દરમિયાન ભગવાન શિવ-પાર્વતીની ખાસ પૂજા કરવાની પરંપરા છે. પ્રદોષ કાળમાં કરવામાં આવતી પૂજાથી શારીરિક, માનસિક અને આર્થિક પરેશાનીઓ પણ દૂર થઈ જાય છે. આ વખતે ગુરુવારનો શુભ સંયોગ બનવાથી શિવપૂજાનું અનેકગણું ફળ મળશે.

**પૂજા વિધિઃ પંચામૃતથી રૂદ્રાભિષેક**

સૂર્યાસ્ત થતાં પહેલાં સ્નાન કરી લેવું. તે પછી પૂજાની તૈયારી કરો. પ્રદોષ કાળ શરૂ થાય ત્યારે ભગવાન શિવનો અભિષેક કરો. તેના માટે પંચામૃતનો ઉપયોગ પણ કરવો જોઈએ. પછી ચંદન, ચોખા, અબીર-ગુલાલ, બીલીપાન, ધતૂરો, મદારના ફૂલ અને અન્ય પૂજા સામગ્રી ચઢાવો. તે પછી ભગવાન શિવની ધૂપ અને દીવાથી આરતી કરો. મહાદેવને ભોગ ધરાવવો.

**વ્રત વિધિઃ સાંજેના સમયે શિવપૂજા પછી ભોજન**

આ દિવસે સૂર્યોદય પહેલાં સ્નાન કરી લેવું. પછી શિવ મંદિર કે ઘરમાં જ પૂજા સ્થાને બેસીને હાથમાં જળ લેવું અને પ્રદોષ વ્રત સાથે શિવપૂજાનો સંકલ્પ લેવો. તે પછી શિવજીની પૂજા કરો. પછી પીપળામાં જળ ચઢાવવું. દિવસભર પ્રદોષ વ્રતના નિયમોનું પાલન કરો. એટલે શારીરિક અને માનસિક રીતે સાત્વિક રહેવું. ભોજન ન કરો. ફળાહાર કરી શકો છો. સાંજે મહાદેવની પૂજા અને આરતી કર્યા પછી પ્રદોષ કાળ પૂર્ણ થાય એટલે સૂર્યાસ્તના ૭૨ મિનિટ પછી ભોજન કરી શકો છો.

શિવજી પ્રદોષ કાળમાં કૈલાશ ઉપર નૃત્ય કરે છે સ્કંદ પુરાણમાં ઉલ્લેખવામાં આવ્યું છે કે તેરસ તિથિમાં સાંજના સમયને પ્રદોષ કહેવામાં આવે છે. આ સમયે ભગવાન શિવ કૈલાશ પર્વતના રજત ભવનમાં નૃત્ય કરે છે અને દેવતા તેમના ગુણોનું સ્તવન કરે છે. એટલે ધર્મ, અર્થ, કામ અને મોક્ષની ઈચ્છાથી આ શુભ કામમાં ભગવાન શિવજીની પૂજા કરવી જોઈએ. આ દિવસે ભગવાન શિવ સાથે દેવી પાર્વતીની પણ પૂજા થાય છે. જેથી દરેક પ્રકારની પરેશાનીઓ અને દુઃખ દૂર થાય છે.



## ખૂણેખાંચરેથી

- વિદ્યાસહાયકોની ભરતી માટે વેઈટીંગ લીસ્ટ નવમી સપ્ટેમ્બરે અમલી કરવામાં આવશે અને આ ઉમેદવારોએ ૧૫મી સુધીમાં તેમની જગ્યાઓ પર હાજર થવાનુ રહેશે.
- ગાંધીનગર શહેરમાં આજે ટ્રાફિકનું ભારણ થોડુ વધારે જણાયુ હતુ.
- અધિકારીઓની બદલીની વાતો વધુ એક વખત ચર્ચામાં આવી છે.
- જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે આજે જિલ્લા લેન્ડ ગ્રેબીંગ એક્ટ અમલીકરણની સમિતિની બેઠક મળી હતી.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૧૧૯ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં ૩૬મા રાષ્ટ્રીય રમતોત્સવમાં ત્રણ સ્પર્ધાઓ યોજાશે.
- ગાંધીનગર શહેરના રાંધેજા ગામે આવેલ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે આગામી શૈક્ષણિક પ્રવૃત્તિઓના આયોજનને લઈ મહત્વની બેઠક મળી હતી.
- આસિ. પ્રોફેસરની વિવિધ સરકારી કોલેજો માટે લેવાયેલ પરીક્ષાનું આજે જાહેર સેવા આયોગે પરિણામ જાહેર કર્યુ છે.
- ગાંધીનગર શહેરમાં આજે ગરમીનો પારો ૩૬ ડિગ્રીએ પહોંચ્યો હતો તેથી વીજ ઉપકરણોનો ભરપૂર ઉપયોગ કરી લોકોએ રાહત મેળવી હતી.
- ગાંધીનગર શહેરના જુના સેક્ટરોમાં આજે કપિરાજોએ ભારે આતંક મચાવી વાહનોને પણ નુકશાન પહોંચાડ્યુ હતુ.
- ગાંધીનગર શહેરમાં પાણીનો પુરવઠો ઓછા ફોર્સથી અને પુરતા સમય માટે નહિ મળતો હોવાથી ફરિયાદો ઉઠી છે.

## મગોડી હાઈસ્કૂલના આચાર્યને શ્રેષ્ઠ આચાર્યનો એવોર્ડ એનાયત



ગાંધીનગર, તા.૭

શિક્ષક દિનના દિવસે ગાંધીનગર સ્થિત મગોડી ગામની પી આર ઠક્કર વિદ્યાવિહારના આચાર્ય મનુભાઈ આર. પ્રજાપતિને શ્રેષ્ઠ આચાર્યનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. મનુભાઈ પ્રજાપતિને સુંદર શૈક્ષણિક અને સેવાકીય પ્રવૃત્તિઓના કારણે આ એવોર્ડ મળવા બદલ મગોડી ગામમાં હર્ષની લાગણી ફેલાઇ ગઇ હતી.

# ખાડાઓથી અકળાયેલા વસાહતીઓનો આક્રોશ સોસાયટી કોર્પોરેટરના બાપની નથી

## સે.૩૦માં જાગૃતિ પાર્ક ખાતે કેબલ નાંખવા સાત દિવસથી ઘરના ઝાંપે ખોદાયેલા ખાડાથી પરેશાન વસાહતીઓ : ના કેબલ નંખાયો કે ના ખાડાં પુરાયાં



ગાંધીનગર, તા.૦૭

ગાંધીનગર શહેર અત્યારે ખાડાનગર બની ગયું હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. શહેરના વિવિધ સેક્ટરોમાં તંત્ર દ્વારા અનેક જગ્યાએ ખોદકામ કરી દેવામાં આવ્યું છે જેના પરિણામે શહેરીજનોને પારાવાર હાડમારીનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરના સેક્ટર-૩૦માં જાગૃતિ પાર્ક સોસાયટી ખાતે ટોરેન્ટ પાવરના માણસો સાત દિવસથી ઘરની બહાર ખાડો ખોદીને જતાં રહ્યાં અને પછી કેબલ નાંખવા જ આવ્યાં નથી કે નથી ખાડા પુરવા આવ્યાં જેના કારણે વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા છે તેવી ફરિયાદ ઉઠવા પામી છે. આ ખાડાઓથી પરેશાન વસાહતીઓએ સ્થાનિક કોર્પોરેટર કિંજલ પટેલને ફરિયાદ કરવા છતાં તેનો ઉકેલના આવતાં અકળાયેલા વસાહતીઓએ સોસાયટીના પ્રવેશદ્વારે બોર્ડ લગાડીને સુચના લખી છે કે સોસાયટીમાં ખોડો ખોદતા પહેલાં સોસાયટીની મંજુરી લેવી, સોસાયટી કોર્પોરેશન કે કોર્પોરેટર કિંજલ પટેલના બાપની નથી સેક્ટર-૩૦માં જાગૃતિ પાર્ક સોસાયટીમાં રહેતા જૈમિન શુક્લએ જણાવ્યું હતું કે "ટોરેન્ટ પાવર વાળાએ વીજ પોલના વાયર બદલવા માટે ખાડો ખોદ્યો હતો. ખાડો ખોદી સાત દિવસ સુધી કોઈ કાર્યવાહી કરી નથી. વાયરો નાંખ્યા જ નથી જેના કારણે અમારા વાહનો ઘરના કમ્પાઉન્ડમાં અંદર આવી શકતા નથી. આખી રાત વાહનો ઘરની બહાર રહેવાથી ચોરીનો ભય રહે છે. વળી, ઘરના વૃદ્ધો માટે બહાર જવા-આવવા માટે ખાડો કુદવો મુશ્કેલ છે. જો તેઓ ખાડામાં પડી જાય તો ગંભીર ઈજાઓ પણ થઈ શકે છે. અમારી રાવ કોઈ સાંભળતું નથી. ગઈકાલે સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં જઈને રજુઆત કરી તો ફરજ પરના પીઆઈ ભરવાડે જણાવ્યું હતું કે આ ફરિયાદ અમારા અધિકાર ક્ષેત્રમાં આવતી નથી. તમે મહાનગર પાલિકા અથવા ટોરેન્ટ પાવરને ફરિયાદ કરો. અમે કોર્પોરેશનના કોર્પોરેટર કિંજલ પટેલને પણ ફરિયાદ કરી હતી પરંતુ તેનો કોઈ જવાબ આવ્યો નથી. હવે અમે કંટાળ્યા છીએ." આ સાથે જાગૃતિ પાર્ક સોસાયટીમાં અકળાયેલા વસાહતીઓએ સોસાયટીના પ્રવેશદ્વારે એક હોર્ડિંગ લગાવી દીધું છે જેમાં "સોસાયટીમાં ખાડા ખોદતાં પહેલાં સોસાયટીની મંજુરી લેવી, સોસાયટી કોર્પોરેશન કે કિંજલ પટેલના બાપની નથી. પૂછીને ખાડો ખોદવો તેવી સૂચના લખવામાં આવી છે જેના કારણે ચકચાર મચી જવા પામી છે.

### નવી ગટર લાઇન અને કેબલ નાંખ્યા પરંતુ હજુ પાણીની લાઇનનું કામ બાકી છે : કિંજલ પટેલ

સે.૩૦માં જાગૃતિ પાર્ક સોસાયટી ખાતે સર્જાયેલી સમસ્યા અંગે કોર્પોરેટર કિંજલ પટેલનો સંપર્ક સાધતા તેમણે જણાવ્યું હતું કે "સે.૩૦માં નવી ગટર લાઈન અને પાણીની નવી લાઈન નાંખવા સાથે નવા વીજ કેબલોને નાંખવાની કામગીરી ચાલી રહી છે જે અંતર્ગત વસાહતીઓને ધ્યાન દોરીને ખોદકામ કરવામાં આવ્યું હતું અને કેબલ નાંખવાનું કામ લગભગ પુરુ થવા આવ્યું છે, ગટરની લાઈન નવી નાંખી દીધી છે પરંતુ હજુ પાણીની લાઈન નાંખવાની બાકી છે તેમ છતાં જે વસાહતીની ફરિયાદ હતી ત્યાં અમે ઝડપથી કેબલનું કામ પતાવીને ખાડા પુરાવ્યાં છે. અન્ય લાઈનમાં કામ ચાલુ હતું જેથી જે લાઈનનું કામ બાકી હતું તેમને ફરિયાદ હતી.

## ઇસનપુર મોટા જળ ઝીલણી અગિયારસ નિમિતે મહોત્સવ ધામધૂમથી ઉજવ્યો



ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા ગામે આવેલ વર્ષો પુરાણા શ્રી રામજી મંદિરમાં વર્ષોથી જલજિલણી એકાદશી નિમિત્તે ભગવાન શ્રી ઠાકોરજીની પાલખી બપોરે ૧૨:૦૦ કલાકના સુમારે નિજ મંદિરેથી નીકળી ગામ તળાવે સ્નાન કર્યા બાદ ગામમાં વસતા ભાવિક ભક્તોતોના નિવાસ સ્થાને પધરામણી કરી. આ પ્રસંગે ઈસનપુર મોટા ગામના ભાવિકભક્તો, ગ્રામજનો તથા ગામ આગેવાનોએ ઉત્સાહભેર આ પાલખી યાત્રામાં જોડાઇ રામ ભક્તિનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડ્યું હતુ. પાલખી યાત્રા રાત્રે ૧૦:૦૦ કલાકે નિજ મંદિરે પરત થઈ હતી.

## સાદરા સંકુલમાં માં સ્વયમ શિક્ષક દિન ઉજવાયો



ગાંધીનગર, તા.૭

ગૂજરાત વિદ્યાપીઠ સાદરા ખાતે સ્વયં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ખાતે રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી.તેમાં કુલ ૪૯ જેટલા વિદ્યાર્થી ભાઈ બહેનોએ ભાગ લીધો હતો. સંયોજક તરીકેની ભૂમિકા ભાવના ચાવડા અને સહ સંયોજક તરીકેની ભૂમિકા જય પંચાલે ભજવી હતી. પ્રતિભાવ સમારોહમાં સ્વયં શિક્ષક બનેલા તમામનું અધ્યાપક શ્રી ઓ એ મોમેન્ટો આપી સ્વાગત અને સન્માન કર્યુ હતું. વિદ્યાર્થી પ્રતિભાવો માં અજય રાઠવા, જય દેસાઈ, ભાવના રબારી, ધ્રુવી ચૌહાણે પ્રતિભાવ આપ્યા હતા. સ્વયં શિક્ષક માં ભાગ લીધેલ વિદ્યાર્થીઓ માંથી અસરફ શેખ, અસ્મિતા રબારી, અનિલ સિહ રાજપૂત, ક્રિયા પ્રજાપતિ, મહેશ મેર, સહ સંયોજક જય પંચાલ પ્રતિભાવ આપ્યા હતાં. અધ્યાપક શ્રીઓમાંથી ડૉ.ગાયત્રી દત્ત મહેતા અને ડૉ. ધ્વનિલ પારેખ એ આપ્યા હતાં. સંયોજક શ્રી ડૉ.રાજેન્દ્ર જોષી એ આશીર્વચન આપ્યા હતા. સમગ્ર સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. આયોજન પ્રોગ્રામ ઓફિસર ડૉ.મોતી દેવું અને ડૉ.દિવ્યેશ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ સંચાલન નમ્રતા ભૂરિયાએ કર્યુ હતું આભાર દર્શન દામિની ડામોરે કર્યુ હતું.

## ગાંધીનગરમાં આંદોલન કરી રહેલાં ખેડૂતોએ પુસ્તક પરબની મુલાકાત લીધી



ગાંધીનગર, તા.૭

દર મહિનાના પ્રથમ રવિવારે ગાંધીનગરમાં પુસ્તક પરબ યોજવામાં આવે છે, જેમાં વાચકો એમની પસંદગીના પુસ્તકો વિનામૂલ્યે લઈ જઈ શકે છે. સપ્ટેમ્બર માસની પુસ્તક પરબ બલરામ મંદિર બહારના માર્ગ પર યોજાઈ હતી. અને આ પ્રવૃત્તિ માટે ખુશી વ્યક્ત કરી હતી. આ પરબ દરમ્યાન ૪૦૪ પુસ્તક - સામયિકોનું આદાનપ્રદાન થયું હતું. માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશન દ્વારા આ પરબ પુસ્તક પરબ ટીમના મિત્રોના સ્વૈચ્છિક સહયોગથી યોજવામાં આવે છે. પરબમાં રોહિણીબહેન પરમાર, રણછોડભાઈ પરમાર, પ્રજ્ઞાબેન પટેલ, એન.પી. થાનકી, વિષ્ણુસિંહ ચાવડા, તરુણભાઈ, સંજય થોરાત, સમીર શાહ, તાહિરભાઈ, ધાર્મિકભાઈ વગેરે સહયોગી બન્યા હતા.

## પ્રમુખ એલીગન્સ રાયસણ ખાતે ગણેશ વિસર્જન કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરમાં ગણેશ ઉત્સવની ઉજવણી ધામ ધૂમ પૂર્વક કરવામાં આવી રહી છે. ત્યારે પ્રમુખ એલીગન્સ સોસાયટી રાયસણ ખાતે ગણેશજીનું ભવ્ય રીતે સ્થાપન તથા વિસર્જન પણ ઉત્સાહમય માહોલમાં કરવામાં આવ્યું હતું. સોસાયટીના આગેવાનો સર્વ મિતેષ સોની, રેનીશ વાઘેલા, રાકેશ શર્મા, ભાર્ગવ પરમાર, તુષારર રાણા દ્વારા સરકારની ગાઈડલાઈનને ધ્યાને રાખી ઈકો ફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિનું સુંદર શણગાર સાથે એકતાના પ્રતિક સમાન ધાર્મિક પ્રેમ ભાવમાં વધારો થાય તે ધ્યાને રાખી તમામ રહીશો સભ્યોએ પોતાના નિવાસસ્થાને સ્થાપન તથા આરતી પૂજા કરી હતી અને સોસાયટી કમ્પાઉન્ડમાં જ વિસર્જન કુંડ બનાવી સર્વેના સહકારથી ગણેશજીનું ધામધૂમપૂર્વક મૂર્તિ વિસર્જન કર્યુ હતુ. જેમાં રાસ-ગરબા, આરતી તથા અન્નકૂટ પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.




હમણાં છેલ્લા ઘણા દિવસોથી વરસાદ નથી છતાં ભૂવા પડવાની ઘટનાઓ બને તે ખૂબ આશ્ચર્યજનક છે. ઘ-૨ સર્કલ પાસે જ મસમોટો ભૂવો પડતાં બેરીકેટ મુકવામાં આવ્યા છે. સર્કલની નજીક જ ભૂવો પડતા જોખમ સર્જાયુ છે.

## પતિએ ૧૦ મહિનાની બાળકી છીનવી પરિણીતાને તરછોડી

ગાંધીનગર, તા.૭

દહેગામ તાલુકાના એક ગામમાં પતિ અને સસરાએ ૧૦ મહિનાની છીનવી પરિણીતાને તરછોડી દીધી હતી. ત્યારે પરિણીતાના પરિવારજનો સાસરી પક્ષમાં ગયા હતા. પરંતુ તેમણે બાળકી આપી ન હતી. ત્યારે બે દિવસ સુધી માતા તેની બાળકી વિના આક્રંદ કરતી હતી આખરે અભયમની ટીમે માતાનું બાળકી સાથે મિલન કરાવ્યું હતું. આ અંગે મળતી માહિતી પ્રમાણે ઘટનાની જાણ થતાં અભયમની ટીમે પરિણીતાનું કાઉન્સેલિંગ કર્યુ હતું. ત્યારે પરિણીતાએ જણાવ્યું હતું કે મારા લગ્નને ત્રણ વર્ષ થયાં છે. શરૂઆતમાં અમારો ઘરસંસાર સારો ચાલ્યો હતો. થોડા સમય બાદ સાસુ-સસરા કામકાજની ટોકતા પરિણીતા પતિ સાથે અલગ મકાનમાં રહેવા ગયા હતા. જ્યાં તેમને એક દીકરીનો જન્મ થયા બાદ ફરી સાસુ-સસરા સાથે રહેવા ગયા હતા. થોડા દિવસ બાદ ઘરકામની બાબતમાં ફરી ઝઘડા શરૂ થઈ ગયા હતા. જે એટલી હદે પહોંચી ગયા હતા કે તેમના પતિ પણ મારઝૂડ કરતા હતા. ત્યારે તેમના પતિએ તેમને પિયર મૂકી આવ્યા હતા અને બાળકી આપી ન હતી ત્યારે તેમના પરિવાર જનોના પરિણીતાની સાસરીમાં બાળકી લેવા ગયા હતા પરંતુ તેમણે બાળકી આપી ન હતી. ત્યારે આખરે પરિણીતાએ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. અભયમની ટીમ પરિણીતાની સાસરીમાં પહોંચી હતી અને બાળકને અત્યારે માતાની વધુ જરૂર છે.

## જીવન આસ્થા દ્વારા લાગણીઓની આઝાદી પર પરિસંવાદ યોજાયો



ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષાસેતુ પ્રોજેક્ટ હેઠળ કાર્યરત 'જીવન આસ્થા' હેલ્પલાઈન વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસના રોજ એસપી ઓફિસ, સેક્ટર-૨૭ ગાંધીનગર ખાતે શરૂ કરવામાં આવેલ છે. આગામી તા. ૧૦-૯-૨૨ વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ નિમિત્તે તથા જીવન આસ્થા હેલ્પલાઈન શરૂ થયાને ૭ વર્ષ પુર્ણ થતા હોય તે અન્વયે સપ્તાહભર ચાલનાર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયુ છે. જે પૈકી ૮મીએ સી.એમ. નર્સીંગ કોલેજ, ગાંધીનગર ખાતે અવેરનેસ માર્ચ તથા જાણીતા મોટીવેશનલ સ્પીકર ડૉ. દર્શનાબેન ઠક્કરના સેમીનારનું આયોજન કરાયુ છે. અવેરનેસ માર્ચને પ્રસ્થાન કરાવવા માટે મનજીતા વણઝારા, એસપી તેજ આરજે રાધીકા હાજર રહેશે. સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે ડૉ. નિશ્ચલ ભટ્ટ દ્વારા લાગણીઓની આઝાદી પર સેમીનાર રાખવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગર શહેરની શાળાના પ્રિન્સિપાલ તથા ઉમાબા આર્ટસ કોલેજ તથા ચૌધરી કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અજય ચૌહાણ, ડૉ. ગૌરાંગ થાનકી તથા જીવન આસ્થાના લાયઝન અધિકારીએ પણ માનસિક તણાવ તથા આત્મહત્યા નિવારણ માટે વક્તવ્ય આપ્યું હતું.

**Indian Institute of Teacher Education**

Ramkrishna Paramhans Vidya Sankul, Near KH-5 Circle, KH Road, Sector-15, Gandhinagar-382016

આઈ.આઈ.ટી.ઈ.ના પરીક્ષા વિભાગ ખાતેની જરૂરિયાત અન્વયે (૧) ડીજીટલ એસેસમેન્ટ (૨) ઉત્તરવહીના છાપકામ અંગેના ઓનલાઈન ટેન્ડર તા. ૮/૯/૨૦૨૨ થી તા. ૧૭/૯/૨૦૨૨ સાંજે ૬ વાગ્યા સુધીમાં મેળવવા માટે **Nprocure** પરથી ટેન્ડર ડાઉનલોડ કરવાનું રહેશે. વધુ વિગત માટે રસ ધરાવતા ઈજારદારોએ **www.nprocure.com**ની મુલાકાત લેવી અને ઓનલાઈન ટેન્ડર ભરવા માટે **(n) Code Solution, G.N.F.C. Tower,** સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદનો સંપર્ક કરવો.

**સ્થળ : ગાંધીનગર** — **કુલસચિવ**

**તારીખ : ૭/૯/૨૦૨૨** — **આઈ.આઈ.ટી.ઈ.**

માહિતી/૧૨૯૬/૨૨-૨૩